# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **દ્વારકાધીશ સહિતના મંદિરોમાં રાત્રે 12 વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉલ્લાસભેર ઉજવણી.**
2. **જન્માષ્ટમી પર્વ નિમિત્તે એક લાખ 70 હજારથી વધુ ભક્તોએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન કર્યા.**
3. **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પ્રાકૃતિક ખેતી અપનાવવાની જરૂરિયાત પર ભાર મુક્યો.**
4. **મધ્યપ્રદેશમાં બે ભારે વાહન વચ્ચેના અકસ્માતમાં ગુજરાતના ચાર લોકોના મોત, સાત જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત.**
5. **રાજ્યના 215 તાલુકામાં વરસાદ , આજે ઉત્તર અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JANMASHTAMI UJAVANI

દેશભરમાં ગઈકાલે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. દરમિયાન શ્રીકૃષ્ણ મંદિરોમાં જય દ્વારકાધીશ, જય રણછોડના નાદ ગૂંજી ઉઠ્યા.

દેવભૂમિદ્વારકામાં ગઈકાલે 12 વાગ્યે શ્રીજીના જન્મોત્સવની આરતી કરવામાં આવી. જ્યારે રાત્રે અઢી વાગ્યા સુધી ભક્તોએ જન્મોત્સવ દર્શન કર્યા હતા. દ્વારકા જગત મંદિરમાં કાળિયા ઠાકોરના જન્મોત્સવની ઉજવણીમાં લાખો લોકો જોડાયા. ભક્તોની સલામતી માટે એક હજાર 600 જેટલો પોલીસકર્મીને તહેનાત કરાયા હતા. આ અંગે કલેક્ટર રાજેશ તન્નાએ વધુ માહિતી આપી.

## (BYTE: RAMESH TANNA, COLLECTOR, DWARKA)

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં શ્રી મનોહરનાથજી મહારાજના અખાડા પરિસરમાં ભક્તોએ પૌરાણિક અખંડ ધૂણીના દર્શન કર્યા. વર્ષોથી ચાલતી આવતી આ અખંડ ધૂણીના વર્ષમાં બે જ વાર જન્માષ્ટમી અને મહાશિવરાત્રિએ દર્શન થાય છે એમ મનોહર નાથજી મહારાજના અખાડાના દિગંબર રાજગિરિએ જણાવ્યું.

## (BYTE: DIGAMBAR RAJGIRI)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાત્રે 12 વાગ્યે અમદાવાદના ઇસ્કૉન મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવના દર્શનનો લ્હાવો લીધો.

દીવના વણાકબારા ખાતે મહાકાલેશ્વર મંદિરમાં એનિમેશનથી ભક્તોએ કૃષ્ણલીલાના દર્શન કર્યા. દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણની પાલખી યાત્રા યોજાઈ , જે દરેક ગલીમાંથી પસાર થતાં ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો.

---

# SOMNATH JANMASHTAMI

જન્માષ્ટમીના દિવસે એક લાખ 70 હજારથી વધુ લોકોએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ તીર્થમાં દર્શન કર્યા. અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે , સોમનાથ તીર્થમાં ગઈકાલે શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભક્તિ અને ભવ્યતાનો અનોખો સમન્વય જોવા મળ્યો. ભક્તો સવારથી જ સોમનાથ દાદાના દર્શન માટે ઉમટી પડ્યા હતા. સમગ્ર પ્રભાસ તીર્થમાં "જય સોમનાથ" , "જય રણછોડ માખણ ચોર"ના નાદ ગૂંજતા રહેતા તીર્થભૂમિમાં આધ્યાત્મિક ઉલ્લાસ છવાયો હતો.

દરમિયાન સોમનાથ મહાદેવને વિશેષ પુષ્પ અને શ્રૃંગાર કરાયો. સાંજના સમયે મંદિર પરિસરમાં ભવ્ય આરતીના દર્શન માટે વિશાળ સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા તેમ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા જણાવાયું

---

# RAJYAPAL PRAKRUTIK KHETI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પ્રાકૃતિક ખેતી અપનાવવાની જરૂરિયાત પર ભાર મુક્યો છે. ગઈકાલે “પ્રાકૃતિક કૃષિ અને ઉભરતી ટેક્નોલૉજી” વિષય પર 30 દિવસની આંતર-રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષણ શિબિરનો શુભારંભ કરાવતા રાજ્યપાલશ્રીએ આ વાત કહી.

તેમણે આ તાલીમ કૃષિ ઉત્પાદનમાં વધારો કરવા સિવાય ધરતી માતાનું સ્વાસ્થ્ય, જળ સંરક્ષણ, પર્યાવરણનું રક્ષણ અને માનવ સ્વાસ્થ્યના રક્ષણનો માર્ગ પણ મોકળો કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. પ્રાકૃતિક ખેતી દ્વારા દેશી ગાયનું મહત્વ ફરીથી સ્થાપિત થશે અને આવનારી પેઢીઓને શુદ્ધ ખોરાક ઉપલબ્ધ થશે તેમ પણ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું.

---

# ROAD ACCIDENT

મધ્યપ્રદેશમાં બે ભારે વાહન વચ્ચેના અકસ્માતમાં ગુજરાતના ચાર લોકોના મોત થયાના અહેવાલ છે.

મળતી માહિતી મુજબ, કાશીથી ગુજરાત પરત આવી રહેલા લોકોના વાહન અને ટ્રક વચ્ચે ટક્કર થતાં મહેસાણા અને સુરેન્દ્રનગરના ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે સાત જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતની જાણ થતાં સ્થાનિકો અને પોલીસની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને હૉસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી હતી.

---

# KUTCH ACCIDENT

પૂર્વ કચ્છમાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે મટકીફોડના કાર્યક્રમમાં ઇલેક્ટ્રિક થાંભલો પડતાં બે બાળક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. અમારા પ્રતિનિધિ રામજી મેરિયા જણાવે છે , ભચાઉ તાલુકાના ચોબારી ગામમાં ઇલેક્ટ્રિક થાંભલા સાથે બાંધેલી મટકી ફોડવા જતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. ત્યારબાદ ઇજાગ્રસ્ત બંને બાળકોને નજીકની હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

---

# VADODARA SOG

વડોદરા **S.O.G.**ની ટુકડીએ કેફી પદાર્થની હેરાફેરીના કેસમાં ફરાર એક વ્યક્તિની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ , આ વ્યક્તિ તેના સંબંધીના ઘરે

સંતાયો હતો. **S.O.G.**ની ટુકડીએ ડ્રોન કૅમેરાની મદદથી હવાઈ નિરીક્ષણ કરતાં આ વ્યક્તિને પકડવામાં સફળતા મળી છે. પોલીસે આ વ્યક્તિ સામે **NDPS** કાયદા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

## WEATHER FORECAST

હવામાન વિભાગે 19 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. દરમિયાન આજે છોટા ઉદેપુર, નર્મદા, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અતિભારે વરસાદની શક્યતા છે. જ્યારે માછીમારોને 20 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

બીજી તરફ, રાજ્યમાં ફરી વરસાદનું જોર વધતાં આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 215 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ સવા છ ઈંચ જેટલો વરસાદ જુનાગઢના ભેસણ તાલુકામાં નોંધાયો છે. જ્યારે રાજકોટના જામ-કંડોરણા , ગોંડલ, અમરેલીના કુંકાવાવ વાડિયા , બનાસકાંઠાના દાંતીવાડા , નર્મદાના નાંદોદ , અમરેલીના ધારી અને મોરબીના હળવદમાં ત્રણથી પાંચ ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે.

---

## RAIN IN DISTRICTS

રાજ્યના અનેક જિલ્લામાં ગઈકાલે ધોધમાર વરસાદ થયો. ત્યારે ભાવનગરમાં સિહોર પંથકના ગામમાં ભારે વરસાદથી ભાવનગર —રાજકોટ ધોરીમાર્ગ પ્રભાવિત થયો છે. દરમિયાન ગૌતમેશ્વર તળાવ સપાટીથી ઉપર વહેતા સિહોરની રાણા ચોકડી જળમગ્ન બની છે. ઉપરાંત રાત્રે આઠ વાગ્યાથી વાહન વ્યવહાર પણ ઠપ થતાં બંને તરફ વાહનોની લાંબી કતાર જોવા મળી.

અમરેલીમાં ગઈકાલે બપોર બાદ શરૂ થયેલો વરસાદ મોડી રાત સુધી ચાલુ રહ્યો. સૌથી વધુ સાડા ચાર ઇંચ જેટલો વરસાદ કુંકાવાવ —વાડિયામાં નોંધાયો. જ્યારે ધારીમાં ત્રણ અને જાફરાબાદમાં બે ઇંચ વરસાદ થયો. ઉપરાંત બગસરામાં પોણા બે ઇંચ, સાવરકુંડલામાં દોઢ ઇંચ તેમજ બાબરા અને લાઠીમાં એક ઇંચ વરસાદ થયો.

તો મહેસાણામાં બહુચરાજીના દેલપુર ગામ ખાતે વીજળી પડતા એક પશુનું મોત થયાના અહેવાલ છે.

---

## UNJHA STATION STOPAGE

પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા ધ્યાને રાખી બે ટ્રેનને ઊંઝા મથક પર સ્ટોપેજ આપ્યું છે. તે મુજબ, આજથી દાદરથી ઉપડનારી દાદર—લાલગઢ રાણકપુર એક્સપ્રેસ રાત્રે 11 વાગ્યેને 51 મિનિટે ઊંઝા મથકે પહોંચશે. જ્યારે આજથી લાલગઢથી ઉપડનારી લાલગઢ —દાદર રાણકપુર એક્સપ્રેસ પણ આ મથક પર ઊભી રહેશે.

જ્યારે અજમેરથી ઉપડનારી અજમેર—મૈસુર એક્સપ્રેસ 12 વાગ્યેને બે મિનિટે ઊંઝા પહોંચશે. આ જ રીતે 19 ઑગસ્ટથી મૈસુરથી ઉપડનારી મૈસુર —અજમેર એક્સપ્રેસ પણ ઊંઝા મથકે ઊભી રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---